દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

પંચવર્ષિય રૂા. ૫૦૦, આજીવન રૂા. ૨૦૦૦, છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

જાન્યુઆરી : ૨૦૨૫ | વર્ષ - ૩૦ | અંક : ૧ | સળંગ અંક : ૪૧૨

www.satvaramahamandal.org, email : darpan@satvaramahamandal.org

॥ જય સિધ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત

માસિક

# સતવારા દર્પણ



**પ્રમુખશ્રી**
શંકરભાઈ આર. દલવાડી
મો. ૯૮૨૪૫ ૦૩૯૨૨

**સતવારા દર્પણ તંત્રીશ્રી**
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

**મહામંત્રીશ્રી**
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

# Ozat

## Theme Park & Resort



**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...

જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટ્યુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંક્શન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510 M. +91 97243 62243**

# શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ દ્વારા તા.૧૫-૧૨-૨૦૨૪ના રોજ સ્વ. જતનબેન કુબેરભાઈ વિરાભા રાઠોડ સતવારા ભવન ઓઢવ અમદાવાદમાં યોજાયેલ ભવ્ય સ્નેહ સંમેલન તથા ઇનામ વિતરણ કાર્યક્રમ

સ્વ. જતનબેન કુબેરભાઈ વિરાભા રાઠોડ સતવારા ભવન, ઓઢવ-અમદાવાદ ખાતે શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદનો કાર્યક્રમ તા. ૧૫-૧૨-૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શરૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં માતાજીની આરતીની ધુન વગાડીને સમગ્ર વાતાવરણ ભક્તિમય થઈ ગયું હતું. મંત્રી શ્રી જયેશભાઈ આઇ. રાઠોડ તથા શ્રી પંકજભાઈ કે. પરમાર દ્વારા વારાફરતી આગેવાનોને સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા તેમાં શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના પ્રમુખશ્રી ભરતભાઈ જી. પરમાર, શ્રી સતવારા મહામંડળના પ્રમુખશ્રી શંકરભાઈ આર. દલવાડી, લીંબડી શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના સ્થાપક ટ્રસ્ટી અને શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના પૂર્વ પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ એમ. પરમાર સમાજના ભામાશા એવા શ્રી માવજીભાઈ પી. નકુમ પ્રમુખ, શ્રી સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરીદ્વાર તથા તેમના ધર્મપત્ની શ્રીમતી જયાબેન એમ. નકુમ, જામનગર, શ્રી પ્રવીણભાઈ જી. પરમાર દાનવીર તથા સામાજીક આગેવાન જામનગર, વિશ્વપ્રેમી શ્રી અશોકભાઈ સી. કણઝારીયા, પ્રમુખશ્રી સમસ્ત સતવારા ઉદ્યોગપતિ એશોસીયેશન ચોટીલા, શ્રીમતી અલકાબેન પી. મીસ્ત્રી મ્યુ કાઉન્સીલર નરોડા વિસ્તાર અમદાવાદ, શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ (પૂર્વ)ના પ્રમુખશ્રી જસમતભાઈ વી. ચાવડા, શ્રી સમસ્ત સતવારા મહામંડળના પૂર્વ પ્રમુખશ્રી નરસીભાઈ કે. રાઠોડ, અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન પૂર્વ વિભાગના સીટી એન્જીનીયર શ્રી મહેશભાઈ હડિયલ, શ્રી સતવારા બચતમંડળ (પશ્ચિમ)ના પ્રમુખશ્રી વિજયભાઈ ચાવડા, શ્રી નરેશભાઈ કે. પરમાર (વિનાયક એશોસીયેટ), શ્રી નરેન્દ્રભાઈ એમ. પરમાર સરગમ હોટલવાળા દાતાશ્રી, શ્રી વિનયકુમાર કડિયા, પૂર્વ અધિકારી શ્રી ચેરીટી કમિશ્નર અમદાવાદ, શ્રી જીતેન્દ્રભાઈ એમ. ચાવડા, શ્રી સતવારા જ્ઞાતિ સમુહ લગ્ન યુવક મંડળ અમદાવાદ (પશ્ચિમ)ના કન્વીનર શ્રી અમૃતભાઈ બી. કણઝરીયા, વસ્ત્રાલ, નવયુવક બચત મંડળના મંત્રી શ્રી પરાગભાઈ એ. સોનગ્રા, શ્રી જયસિદ્ધનાથ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીના પ્રમુખશ્રી અંબાલાલ એલ. સતવારા વગેરેએ સ્થાન ગ્રહણ કર્યા બાદ આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆતમાં ભગવાનની સ્તુતી શ્રીમતી વિધીબેન શક્તિભાઈ સતવારા દ્વારા પ્રાર્થના ગીત ગાઈને વાતાવરણને વધારે ભક્તિમય બનાવી દીધુ. શ્રી સતવારા જ્ઞાતિ મંડળના મંત્રી શ્રી જયેશભાઈ આઈ. રાઠોડે એક મિનિટનું મૌન શ્રી સ્વ. સોમાભાઈ એમ. સતવારા રામચરણ થયા તે માટે રાખવામાં આવ્યું હતું. શ્રી સ્વ. સોમાભાઈ એમ. સતવારા મહામંડળની સ્થાપના કરાવવામાં અગ્રેસર રહ્યા હતા. સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ અને સતવારા મંડળ અમદાવાદ (પૂર્વ) ની સ્થાપના કરવામાં અગ્રણી અને મુખ્ય ભૂમિકા ભજવી હતી. સતવારા મહામંડળ અમૃત મહોત્સવની ઉજવણી કરવાની હતી. તે સમયે આ અમૃતમહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા ગામડે ગામડે ફર્યા હતા. સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ (પૂર્વ) માં સતવારા ભવન તૈયાર કરાવવામાં તેઓને સક્રિય ભૂમિકા ભજવી હતી. તેઓના કાર્યને સમાજના દરેક વર્ગ ગર્વ લે છે. શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદની સ્થાપના કરવામાં અમુલ્ય યોગદાન અને ફાળો છે. એવા શ્રી કાંતિભાઈ મોરી પણ હાજર રહ્યા હતા. આવેલ આગેવાનોના બહુમાન આ આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના ઉપ પ્રમુખ તથા શ્રી સમસ્ત સતવારા મહામંડળના ખજાનચી શ્રી વિનોદકુમાર સી. મકવાણા, શ્રી જયસિદ્ધનાથ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીના મંત્રી અને શ્રી સમસ્ત સતવારા મહામંડળના સહ ખજાનચી શ્રી પંકજભાઈ કે. પરમાર શ્રી જયસિદ્ધનાથ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીના ચેરમેન તથા શ્રી સમસ્ત સતવારા મહામંડળના ઈન્ટરનલ ઓડીટર શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના ઈન્ટરનલ ઓડિટર શ્રી અંબાલાલ એલ. સતવારા, સતવારા દર્પણના તંત્રી તથા

સતવારા જ્ઞાતિ મંડળના પૂર્વ મંત્રી શ્રી રમણલાલ સી. મકવાણા, શ્રી સમસ્ત સતવારા મહામંડળના ઉપ પ્રમુખ શ્રી કાળુભાઈ ડી. રંઘાડીયા, શ્રી સતવારા જ્ઞાતિ મંડળના ઉપ પ્રમુખશ્રી પ્રવીણભાઈ આર. ચૌહાણ, શ્રી સતવારા જ્ઞાતિ મંડળના સહ ખજાનચી શ્રી જયેશભાઈ આર. કણઝરીયા, શ્રી સતવારા જ્ઞાતિ મંડળના સહમંત્રી શ્રી આશીષભાઈ બી. રાઠોડ, શ્રી રમેશભાઈ લકુમ, શ્રી કેશુભાઈ એમ. સોનગ્રા, શ્રી દેવજીભાઈ એસ. પરમાર, શ્રી શંકરભાઈ બી. પરમાર, શ્રી નટુભાઈ જી. રાઠોડ, શ્રી અતુલભાઈ ડાભી, શ્રી આનંદભાઈ એ. રાઠોડ, શ્રી માવજીભાઈ એમ. ખાંદલા, શ્રી ચંદ્રેશભાઈ એમ. કડિયા, શ્રી અરજણભાઈ ડી. ડાભી તથા શ્રીમતી અલકાબેન મીસ્ત્રીનું સન્માન શ્રીમતી ભાવનાબેન એ. સતવારા, તથા શ્રીમતી જયાબે એમ. નકુમનું સન્માન ગં.સ્વ. કાન્તાબેન પી. ડાભી દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરોકત મહાનુભાવો દ્વારા આવનાર મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ (પૂર્વ) તથા શ્રી જય સિદ્ધનાથ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસાયટી દ્વારા એક સરસ મજાનું તિથી સાથેનું કેલેન્ડર છાપવામાં આવેલ હતું તેનું વિમોચન આવેલ આગેવાનો દ્વારા સ્ટેજ ઉપરથી કરવામાં આવ્યું હતું. કેલેન્ડરની કિંમત ફકત રૂ. ૧૫ રાખવામાં આવેલી છે. જય સિદ્ધનાથ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટીના સભ્ય હોય તેમને આ કેલેન્ડર ફ્રીમાં આપવામાં આવ્યા હતા. શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના પ્રમુખશ્રી ભરતભાઈ જી. પરમારે મંડળ વિષે આછેરી ઝલક આપીને જણાવ્યું હતું કે અમદાવાદમાં અલગ અલગ ગામોમાંથી આવેલા આપણો સમાજ એકજુટ થાય તે માટે શ્રી સ્વ. અમરશીભાઈ કે. રાઠોડ, શ્રી સ્વ. બંસીભાઈ ડી. દલવાડી અને શ્રી કાંતીભાઈ મોરી આ ત્રણેય વ્યક્તિઓ સમાજના લોકોના ઘેર ઘેર જઈને સભ્ય થવા સમજાવ્યા હતા. અને પૂર્વ વિસ્તારમાં બચત મંડળો ઉભા થયા હતા. સતવારા જ્ઞાતિ મંડળના બે ઈનામ વિતરણ મહારાષ્ટ્રીયન હોલ લાલ દરવાજા પાસે અમદાવાદ ખાતે કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ૧૯૯૨માં શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદની વિધીવત સ્થાપના કરી અને ટ્રસ્ટમાં રજીસ્ટ્રેશન પણ કરાવ્યુ હતું. પહેલા સભ્ય ફી ૧૦૦ રૂ. હતી. રૂ. ૫૦૦ કરવામાં આવી હતી. આજે સભ્ય ફી રૂપિયા ૧૦૦૦ છે. આજે એક છોડમાંથી ઘટાદાર વૃક્ષ થયું છે. મંડળમા આજે સભ્યો ૧૨૦૦ ઉપરાંત છે. એજ પ્રગતિ દર્શાવે છે. સતવારા જ્ઞાતિ મંડળે પંદર સુંદર યુવામેળાઓનું આયોજન કરેલ છે. ઈનામ વિતરણના કાર્યક્રમો કરે છે. બે વખત સમાજની ડિરેકટરી તૈયાર કરેલ છે. અને પ્રકાશિત કરેલ છે. પહેલી ડિરેકટરી અમરશીભાઈ રાઠોડના નેતૃત્વ હેઠળ અને બીજી ડિરેકટરી શ્રી સ્વ. પોપટભાઈ પી. ડાભીના નેતૃત્વ હેઠળ છેલ્લી ડિરેકટરી વર્ષ ૨૦૧૬ના વર્ષમાં પ્રકાશીત કરી હતી. સતવારા જ્ઞાતિ મંડળના સભ્યો પોતાના વિસ્તારોમાં સમાજની સેવા આપે જ છે. શ્રી સતવારા મહિલા કલબ અમદાવાદની પણ સમાજની બહેનોએ કરેલ છે. આમાં પણ ઘણી બહેનો સભ્ય થયા છે. શ્રીમતી અલકાબેન પી. મીસ્ત્રીએ જણાવ્યું હતું કે આપણા સમાજના દરેક ગોરમાં પોત પોતાની રીતે શૈક્ષણિક કાર્યો માટે આગેવાનો કામ કરે છે. તેના લીધે સમાજમાં આજે શૈક્ષણિક રીતે ઘણો જ આગળ આવ્યો છે. અને હજુ પણ આપણે ખુબજ મહેનત કરવાની જરૂર છે. આજે દરેક જગ્યાએ સતવારા સમાજની બોર્ડિંગો ઉભી કરવામાં આવે છે. સમાજના બાળકો સારૂં શિક્ષણ મેળવે અને આગળ વધે તેવી મારી શુભેચ્છા તેમને આગળ તેમનો નિર્ધારીત કાર્યક્રમ હોવાથી તેઓ સમાજની રજા લઈને ગયા હતા.

શ્રી સમસ્ત સતવારા મહામંડળના પ્રમુખ શ્રી શંકરભાઈ આર. દલવાડીએ આવેલ આગેવાનો શ્રી માવજીબાપા તથા શ્રી પ્રવિણભાઈ જી. પરમારનો અને વિશ્વપ્રેમી શ્રી અશોકભાઈ સી. કણઝારીયાનો વિશેષ ઝીણવટભર્યો પરીચય આપ્યો હતો. તથા બીજા આગેવાનોનો પણ પરિચય કરાવ્યો હતો. અને તેમને વધુમાં જણાવ્યું હતું કે આજે આપણા સમાજના ભવનો ઘણી જગ્યાએ જેમકે, સુરત, અમદાવાદ, ભીવંડી, રાજકોટ, જામનગર, ગાંધીનગરમાં સમાજના સહકારથી પ્રગતી કરી રહ્યા છે. આપણે તો હરીદ્વારમાં પણ આપણું સતવારા ભવન છે. ત્યાં યાત્રા કરવા જતા સમાજના લોકોને રહેવાની ઘણી સુંદર સગવડ છે. તેના પ્રમુખ આપણા શ્રી માવજીબાપા છે. અમદાવાદમાં તા. ૨૧-૮-૨૦૨૪ના રોજ શ્રી માવજીબાપા તથા શ્રી પ્રવીણભાઈ જી. પરમાર સયુંકત ઉપક્રમે ખાતમુર્હત કરવામાં આવ્યું હતું. આ દિવસે રૂા. ત્રણ કરોડ પચાસ લાખનો ફાળો નોંધાયો હતો. આ ભવનનો દસ્તાવેજ થઈ ગયેલ છે. હવે ટુંક સમયમાં બાંધકામ શરૂ કરવાનું છ. અહીં કન્યાછાત્રાલય પણ

બનાવવાનું છે. મે. ખાસ નોંધ્યું છે જ્યારે પણ માવાજીબાપા સમાજના કાર્યક્રમમાં આવે છે ત્યારે તેમના ધર્મપત્ની જયાબેન હંમેશા સાથે જ હોય છે. આ ઉંમરે પણ તેઓ હંમેશા પતિને દાનભેટના કાર્યમાં સહકાર આપતા રહ્યા છે. અને સાથે રહેશે. આજે રાજકોટમાં પણ ફાળો નોંધાવવાનું ચાલુ છે. જામનગરમાં કન્યાછાત્રાલયનું ધુંવાવ ખાતે વિશાળ જગ્યામાં ઘણું ખરૂં બાંધકામ થઈ ગયેલ છે. ત્યાં પણ ફાળો નોંધવાનું ચાલુ છે. મહેમાનોના હાથે ઈનામ વિતરણ કરાવવામાં આવ્યું હતું. સાથે સાથે સતવારા દર્પણની બુક પણ દરેક ઈનામ લેનાર વિદ્યાર્થીને આપવામાં આવી હતી. સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના કાર્યકરો દ્વારા પણ ઈનામ વિતરણ કરાવવામાં આવ્યું હતું.

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના મંત્રી શ્રી જયેશભાઈ આઈ. રાઠોડે જણાવ્યું હતું કે શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ દ્વારા તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ ભવ્ય યુવા મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આપણે યુવામેળાના ફોર્મ ઓનલાઈન સ્વીકારીએ છીએ તેના માટે મંડળે લીંક તૈયાર કરેલ છે. તેના ઉપર ફોર્મ ભરવાનું છે. ફોર્મ ભરવાની છેલ્લી તા. વધારીને ૨૫-૧૨-૨૦૨૪ કરેલ છે. યુવામેળાની ફી. રૂ. ૨૧૦૦/- રાખવામાં આવેલ છે. અને શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના સભ્ય હોય તો તેના માટે રૂા. ૧૮૦૦/- રાખવામાં આવેલી છે. આપણે સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના સભ્યોની એક ડિઝીટલ ડિરેકટરી તૈયાર કરી રહ્યા છે. તેમાં જે પણ અમદાવાદ મંડળના સભ્યો હશે તેની જ માહિતીનો ડિરેકટરીમાં સમાવેશ કરવામાં આવશે. કાઉન્ટર ઉપર સભ્યોની નોંધણી ચાલુ જ છે. સાથે સાથે કુટુંબના સભ્યોની માહિતી ભરીને આપવાની છે. જેથી આપણે તે જલ્દીથી તૈયાર કરી શકાશે. સભ્ય ફી ૧૦૦૦/- છે. આજે શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના સભ્યોની સંખ્યા ૧૨૦૦/- કરતા પણ વધારે છે. જે સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદની વેબસાઈટ ઉપર દરેક સભ્યોએ પોતાના કુટુંબની માહિતી અપલોડ કરવાની રહેશે.સતવારા જ્ઞાતિ મંડળના સભ્ય હશે તે લોકો જ આ ફોર્મ અપલોડ કરી શકશે જે પણ સભ્ય રામચરણ થયા છે તેમના સભ્યપદ રદ થઈ જશે. તે તેમના કુટુંબી દ્વારા નવા સભ્ય થઈ જાય તેવી મારી વિનંતી છે. જેને યુવામેળામાં જાહેરાત આપવાની હોય તેઓ શ્રી ચન્દ્રેશભાઈ કડિયાનો સંપર્ક કરવા વિનંતી છે. આજે આ ભવનનો હોલ હકડેઠઠ ભરાઈ ગયો છે. હવે ભવિષ્યમાં આપણે આપણો કાર્યક્રમ મોટા ઓડિટોરીયમમાં રાખવો પડે તેવી સ્થિતિ સર્જાય છે. વર્ષે દહાડે સભ્ય સંખ્યા વધતી જવાની છે. અને ઓડિટોરીયમ હોલ માટે આપણે સુચનો મંગાવવામાં આવ્યા છે. જે માટે સ્નેહ મિલન તથા ઈનામ વિતરણના ભવિષ્યના કાર્યક્રમ માટે રૂ. ૩૫૦૦૦/- ના મુખ્ય દાતા શ્રી સતવારા મહિલા કલબ અમદાવાદ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. અને મુખ્યદાતા તેઓ થયા હતા. ભોજન સમારંભના દાતા શ્રીમતી જયાબેન નકુમ જામનગર થયા હતા.સતવારા મહિલા કલબ દ્વારા મહેંદી હરીફાઈ કરવામાં આવી હતી. તથા અન્ય સામાજીક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

શ્રી જયસિદ્ધનાથ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટીના મંત્રી શ્રી પંકજભાઈ કે. પરમારે જણાવ્યું હતું કે સતવારા મહિલા કલબ અમદાવાદના દરેક સભ્યોનું શ્રીમતી જયાબા જામનગર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓ શ્રી માવાજીબાપાની જેમ તેઓ પણ દાનભેટ આપતા રહ્યા છે. આજે મહિલાઓ પણ પુરૂષ સમોવડી થતી જાય છે. તેઓ પણ તેમની રોજીંદી બચતમાંથી દાનભેટ આપતા થયા છે. તેજ અમદાવાદની જાગૃત મહિલાઓને મારી સલામ છે. તેમને વધુમાં ઓનલાઈનની ઝીણામાં ઝીણી માહિતી પ્રેકટીકલ પ્રોજેકટર દ્વારા સમાજને બતાવી હતી જેથી સમાજના લોકોને ઓનલાઈન માહિતી ભરવામાં તકલીફ ન પડે સમાજ દ્વારા એક બિઝનેશગ્રુપ નામની એપ આપણે શરૂ કરવા જઈ રહ્યા છીએ તેના ઉદ્દેશો આ પ્રમાણે છે. આપણા સમાજના કારીગરો દ્વારા તેમને વ્યાજબી ભાવે સેવા મળે તેમને ધંધો મળે. સમાજના લોકોને જ રોજગારી મળે અને સમાજના પૈસા સમાજમાં રહે જેથી સમાજનો વિકાસ થાય. સમાજની એકતા વધારે સમાજના લોકો એકબીજાને સુખદુઃખમાં ભાગ લે અને પોતાના વિચારો આપલે કરશે આ બિઝનેસગ્રુપની ફી ફકત રૂા. ૫૦૦ એક વર્ષની છે. આનાથી સમાજમાં ઘણો જ બદલાવ આવશે આનાથી રૂડુ શું હોઈ શકે ?

મંત્રી શ્રી જયેશભાઈ આઈ. રાઠોડે વધુમાં જણાવ્યું કે તેમને શ્રી પંકજભાઈ કે. પરમારનો આભાર માન્યો હતો. આપણે ભવિષ્યમાં સમાજના સભ્યો માટે સ્માર્ટ કાર્ડ ઈસ્યુ કરવાની પ્રેરવી કરી રહ્યા છીએ. જે ભવિષ્યમાં મલ્ટીપલ

હોસ્પીટલમાં આ કાર્ડ કામમાં આવશે આપણે દવાઓમાં પણ ડિસ્કાઉન્ટ પણ મળે તે માટેના અમારા પ્રયત્નો ચાલુ છે. જો કાર્ડ હશે તેને જ આનો લાભ મળશે. તેથી મંડળના સભ્ય થવું જરૂરી છે. આવતા વર્ષ માટેના ઈનામ વિતરણ માટેની દાનભેટ પણ કાઉન્ટર ઉપર સ્વીકારવામાં આવે છે. કોઈપણ કાર્યક્રમ માટે આપણે આર્થિક રીતે સદ્ધરતા જોઈએ. શ્રી જય સિદ્ધનાથ ક્રેડિટ અને સપ્લાય કો.ઓ. સોસાયટી તરફથી વ્યાજબી ભાવે ભેળસેળ વગરનું ચોખ્ખું સીંગતેલ મળી રહે તે માટે ડબ્બા નોંધવાનું ચાલુ છે. આમાં શ્રી જયસિદ્ધનાથ ક્રેડિટ સપ્લાય કો.ઓ. સોસાયટી તરફથી લોન પણ આપવામાં આવે છે. અમદાવાદ પશ્ચિમ વિસ્તારમાં તેના સમુહ લગ્ન યુવક મંડળ દ્વારા સમુહ લગ્નનું આયોજન તા. ૨૦-૪-૨૦૨૫ના રોજ આયોજન કરેલ છે. શ્રી અમૃતભાઈ બી. કણઝરીયાએ જણાવેલ હતું. જેને પણ નામ નોંધાવવા હોય તો જે કારોબારી સભ્યો છે તેમની પાસે તેઓ નોંધાવી શકે છે. સતવારા દર્પણમાં આ વિષેની જાહેરાત આવે છે.

શ્રીમતી નીતાબેન આઈ રાઠોડ કે જેઓએ શ્રી સતવારા મહિલા કલબ અમદાવાદની સ્થાપના કરાવવામાં અમુલ્ય સિંહફાળો છે. અને પોતે તેમાં સક્રિય રહીને દાનભેટ આપીને આગળ વધારવાના પ્રયત્નો કરે છે. માટે તેમજ આ કલબમાં જે મહિલા સભ્ય ન હોય તેઓ ઝડપથી સભ્ય થઈ જાય આમાં સમગ્ર અમદાવાદની બહેનોનો સમાવેશ કરવામાં આવેલો છે. જેટલી મહિલાઓ આમાં વધારે જોડાશે તેટલા જ આપણે સારા કાર્યક્રમો આપી શકીશું. આનાથી સમાજમાં સમાજની મહિલામાં એકતા વધશે એકબીજાના ગૃહઉદ્યોગ તથા તેમની કારીગરી વિષેની માહિતી મળશે. અને એકબીજા બહેનો ધંધાકીય રીતે ધંધો પણ કરશે અને સમાજનો પૈસો સમાજમાં રહેશે અમદાવાદમાં આપણા સભ્યો દરેક વિસ્તારમાં ફેલાયેલા છે. અને અલગ અલગ ગોરના છે. તો તેમનો એકજુટ થવા માટે આમાં સભ્યો થવા જરૂરી છે. આજે સ્ત્રીઓ પણ પુરૂષ સમોવડી થતી જાય છે. જે બહેનોને જાણતા નથી તેમની આ મંડળ દ્વારા જાણકારી મળશે. આપણે ભવિષ્યમાં ઘણી આ કાર્યો માટે મીટીંગો કરવાની છે. આપણે આ ભવનમાં કે અન્ય જગ્યાએ મેળાવડા કરી મહિલાઓની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવી પડશે.

બપોરે ભાવતા ભોજનીયા લીધા બાદ ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ભોજન લીધા બાદ સમાજના સભ્યો એકબીજાના સગાવહાલાઓ તથા મિત્રોને મળ્યા હતા. આજે અમદાવાદના એક છેડાથી બીજા છેડા સુધી જવું હોય તો ૨૦ થી ૨૫ કિ.મી. થાય છે આ મંડળ દ્વારા દરેક એક જ છત્રછાયા હેઠળ મળે હળે મળે છે. દરેક પોતપોતાની દિકરી તથા દિકરીઓના સગપણની પણ વાતો કરતા હોય છે. આમ આ કાર્યક્રમ ઘણો જ આ બાબતે સફળ થાય છે. ત્યાર બાદ ઈનામ વિતરણનો કાર્યક્રમ આગળ શરૂ કરવામાં આવ્યો હતો. રૂ. ૩૫૦૦૦/- આપનાર મહિલા કલબના સભ્યોનું અલગ અલગ ફેમીલી સાથે બહુમાન કરવામાં આવ્યું હતું. આજે મહિલાઓ પણ રોજીંદી વપરાશમાંથી થોડા થોડા બચાવી દાનભેટ આપતા ખચકાતા નથી.આ રૂા. ૩૫૦૦૦ /-આગળના વર્ષે થનાર પ્રોગ્રામ માટેના છે. ભોજન પેટે આપેલા રૂ. ૨૧૦૦૦/- શ્રીમતી જયાબેન નકુમના પણ છે. સમાજના બાળકોએ ડાન્સ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો તેની સુચી અલગ છે. નાના બાળકોને પણ મહિલાઓ દ્વારા ઈનામ આપી બિરદાવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નીતાબેન રાઠોડે કર્યું હતું. તેમના પતિ જયેશભાઈ રાઠોડ મંત્રી તરિકે સેવાઓ આપે છે. શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદના ‘‘મોબાઈલની માયાજાળ’’નામના નાટક વિ. શ્રી માલવ હેમાંગ કડિયા અને શ્રી જાગૃતભાઈ કડિયાએ ખૂબ સરસ રીતે ભજવ્યું હતું. નાના બાળકોએ જે રીતે ડાન્સ કર્યો તે માટે તે ખરેખર અદ્દ્ભુત હતો. તેઓ ભવિષ્યમાં પણ જો આ રીતે કરતા રહેશે તો સારા ડાન્સર થઈ શકે છે. ત્યાર બાદ છેલ્લે સમાજના ભાઈ બહેનોની લાગણીને માન આપીને ભાઈ બહેનો દ્વારા ગરબાની રમઝટ મન મુકીને રમ્યા હતા. છેલ્લે સુધી ઘણી સંખ્યા રહી હતી. આં અહીં ઈનામ વિતરણનો તથા સ્નેહ સંમેલનનો કાર્યક્રમ ખૂબજ સારી રીતે પૂરો થયો હતો. પ્રમુખશ્રી ભરતભાઈ જી. પરમાર દ્વારા આઈસ્કીમ મંગાવ્યો હતો તે ખાઈને લોકો તૃપ્ત થયા હતા.

આ કાર્યક્રમમાં આવેલ ઘણા સમાજના આગેવાનો દુર દુરથી આવ્યા હતા. તેમાં શ્રી લક્ષ્મણભાઈ ચૌહાણ, શ્રી રણછોડભાઈ ચૌહાણ, શ્રી શામજીભાઈ રંઘાડિયા, શ્રી જીવરાજભાઈ ડુમાણિયા શ્રી રામજીભાઈ ડુમાણીયા, શ્રી હરેશભાઈ એલ. પરમાર, શ્રી નીતીનભાઈ આર.કડિયા, શ્રી ગણપતભાઈ આર. સથવારા, શ્રી કિશોરભાઈ આઇ.

ચાવડા, શ્રી કનૈયાલાલ ડી. ખાંદલા, શ્રી ભરતભાઈ પી. ડાભી, શ્રી ડૉ. જયેશભાઈ ટી. ખાંદલા, શ્રી કાંતીભાઈ જાદવ, ડૉ. દિપકભાઈ કે. જાદવ, શ્રી ઉમાકાન્તભાઈ ડાભી, શ્રી ભાવેશભાઈ વી. મકવાણા, શ્રાી ઉમેશભાઈ બી. મકવાણા, શ્રી લક્ષ્મણભાઈ હિરાણી, શ્રી વિનયકુમાર કડિયા, શ્રી જયસુખભાઈ નકુમ, શ્રી જીતેન્દ્રભાઈ એમ. ચાવડા, શ્રી રામચંદ્રભાઈ કે.મીસ્ત્રી તથા નામી અનામી ભાઈ બહેનો હાજર રહી આ કાર્યક્રમને દિપાવ્યો હતો. શ્રી આશિષભાઈ બી. રાઠોડ તથા શ્રી જયેશભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. તેમાં દાનભેટ આપનાર દરેકનો તથા નજીવા દરે સાઉન્ડ સિસ્ટમ આપનાર શ્રી અરવિંદ સાઉન્ડવાળા શ્રી ઘનશ્યામભાઈ ચૌહાણ તથા તેમના સુપુત્રો અરવિંદભાઈ ચૌહાણ, શ્રી રાકેશભાઈ ચૌહાણ તથા દિક્ષિત ચૌહાણનો આભાર માનવામાં આવ્યો હતો. દિવ્ય ભાસ્કરમાં પ્રોગ્રામના દિવસે તથા પ્રોગ્રામ બાદ જાહેરાત આપવામાં શ્રી જયંતીભાઈનો પણ આભાર માનવામાં આવ્યો હતો. ભોજન વ્યવસ્થામાં ભવનમાં રહેલી વિદ્યાર્થી દ્વારા સેવા આપવામાં આવેલ તેમના દરેકનો આભાર માનવામાં આવ્યો હતો. છેલ્લે એક ગીતની ધુન વગાડવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પંકજભાઈ કે. પરમાર, શ્રી જયેશભાઈ આઈ. રાઠોડ અને શ્રી ચંદ્રેશભાઈ એમ. કડિયા તથા શ્રીમતી નીતાબેન જે. રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

“ચલતે ચલતે કભી અલવિદા ના કહેના કભી અલવિદા ના કહેના. ” આ ગીત સાથે સૌએ વિદાય લીધી હતી.

| | | |
|---|---|---|
| ● સ્નેહ મિલન ઈનામ વિતરણ | નરેશભાઈ કેશવલાલ સતવારા (ધો. ૧૨ પછી તમામ) | ૧૧,૦૦૦ |
| ● (પુષ્પ ગુચ્છ) | શ્રી સિદ્ધનાથ ક્રેડીટ સોસાયટી (ધોરણ ૫ થી ૮) | ૭૦૦૦ |
| | ● શ્રી નરેશભાઈ તથા ભરતભાઈ પી. ડાભી પરિવાર (ધોરણ ૯ થી ૧૦) | ૫,૧૦૦ |
| | ઝલક આનંદકુમાર મોરી (ધોરણ ૧ થી ૪) | ૫,૦૦૦ |
| | ● ભરતભાઈ ઈશ્વરભાઈ ખાંદલા | ૫,૦૦૦ |
| | ● શ્રી સતવારા સમાજ મહીલા કલબ | ૪,૦૦૦ |

| | |
|---|---|
| નીતાબેન જયેશભાઈ રાઠોડ | ગીતાબેન એસ. પરમાર |
| જાગૃતિબેન ચંદ્રેશભાઈ રાઠોડ | નયનાબેન જીગ્નેશભાઈ પરમાર, |
| કલ્પનાબેન ભરતભાઈ પરમાર | નમ્રતાબેન પ્રશાંતભાઈ કડિયા , જ્યોત્સનાબેન નવનીતભાઈ કણઝરીયા |
| અલ્પાબેન પંકજભાઈ પરમાર | ઉન્નતિબેન જયેન્દ્રભાઈ પરમાર |
| કૈલાશબેન આશિષભાઈ પરમાર , | જયશ્રીબેન પરાગભાઈ સોનગરા, |

| | | | |
|---|---|---|---|
| (૧) ઈશ્વરભાઈ એમ, પરમાર | ૨,૫૦૦ | (૧૨) રાધાકૃષ્ણ મહિલા મંડળ | ૧૦૦૧ |
| (૨) ભાવનાબેન અંબાલાલ સતવારા | ૨,૫૦૦ | (૧૩) જસમતભાઈ વી. ચાવડા | ૫૦૦ |
| (૩) ચોપડા હીરેનભાઈ રમેશભાઈ | ૨,૫૦૦ | (૧૪) રમેશભાઈ ટી. ચૌહાણ | ૫૦૦ |
| (૪) વિનોદભાઈ સી. મકવાણા | ૨,૫૦૦ | (૧૫) નરસીભાઈ કે. રાઠોડ | ૫૦૦ |
| (૫) પંકજભાઈ કે. પરમાર | ૨,૧૦૦ | (૧૬) ગંગારામ ભાઈ કણઝરીયા | ૫૦૦ |
| (૬) નીતાબેન જે. રાઠોડ | ૨,૧૦૦ | (૧૭) જયેશભાઈ આર. કણઝરીયા | ૫૦૦ |
| (૭) હીનાબેન રવીન્દ્રભાઈ ચાવડા | ૨,૧૦૦ | (૧૮) રમણલાલ સી. મકવાણા | ૫૦૦ |
| (૮) જયસુખભાઈ નકુમ (સેટેલાઈટ) | ૨,૦૦૧ | (૧૯) દીનેશભાઈ જાદવ | ૫૦૦ |
| (૯) રાજેશભાઈ દયારામભાઈ સતવારા (વેજલપુર) | ૧,૫૦૧ | (૨૦) કાળુભાઈ ડી. રંઘાડીયા | ૫૦૦ |
| (૧૦) ભરતભાઈ જી. પરમાર | ૧,૫૦૦ | (૨૧) રંભાબેન ભીખાભાઈ રાઠોડ | ૫૦૦ |
| (૧૧) ચંદ્રેશભાઈ કડીયા | ૧,૦૦૧ | (૨૨) અશોકભાઈ ગંગારામભાઈ રાઠોડ | ૫૦૦ |

## સાંસ્કૃતિક કાર્યક્રમની સુચી નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) આરૂશવિપુલભાઈ કડિયા ડાન્સ પરફોર્મન્સ | ૬ વર્ષ |
| (૨) ચાવડા રિદ્ધિ પ્રતિકભાઈ | ૮ વર્ષ |
| (૩) સતવારા કેયા દશરથભાઈ | ૧૦ વર્ષ |
| (૪) જાદવ પ્રાંશુ ચિંતનભાઈ ડાન્સ પરફોર્મન્સ | ૫ વર્ષ |
| (૫) દલવાડી ઝેનિલ હર્ષદભાઈ ડાન્સ પરફોર્મન્સ | ઉંમર |
| (૬) જાદવ કશ્વી જયમીનભાઈ ડાન્સ પરફોર્મન્સ અને શ્લોક | ૫ વર્ષ |
| (૭) પરમાર નિહાલ ભરતભાઈ ડાન્સ પરફોર્મન્સ | ૧૩ વર્ષ |
| (૮) હેતાંશી વિશાલભાઈ કડિયા ડાન્સ પરફોર્મન્સ | ૭ વર્ષ |
| (૯)હીર મિતલભાઈ ડાન્સ પરફોર્મન્સ | ૬ વર્ષ |
| (૧૦) સથવારા જાનકી વિશાલભાઈ ડાન્સ પરફોર્મન્સ | ૭ વર્ષ |
| (૧૧) સાંચી રાકેશભાઈ સથવારા ડાન્સ પરફોર્મન્સ | ૧૨ વર્ષ |
| (૧૨) માલવ હેમાંગભાઈ કડિયા મોબાઈલની | ૧૦ વર્ષ |
| (૧૩) જાગ્રત પિયુષભાઈ કડિયા માયાજાળ નામનું નાટક | ૧૧ વર્ષ |

## શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ સ્નેહ મિલન - ઈનામ વિતરણ ૨૦૨૪

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | મેળવેલ માર્ક/-ગ્રેડ | રિમાર્ક |
|---|---|---|---|
| | | **ધોરણ-૧** | |
| ૧ | સતવારા જાનકી વિશાલભાઈ | ૧૦૦.૦૦ | પ્રથમ |
| ૨ | ડુમાણિયા ધ્યાના શંભુભાઈ | ૯૯.૨૫ | દ્વિતીય |
| ૩ | ડાભી શિવાની પ્રશાંતભાઈ | ૯૯.૭ | તૃતીય |
| | | **ધોરણ-૨** | |
| ૧ | ચાવડા નક્ષ વિજયભાઈ | ૯૯.૭૯ | પ્રથમ |
| ૨ | હડિયલ વંશ પ્રશાંતભાઈ | ૯૮.૧૦ | દ્વિતીય |
| ૩ | હડિયલ વ્રિશા કલ્પેશભાઈ | ૯૭.૯૦ | તૃતીય |
| | | **ધોરણ-૩** | |
| ૧ | ચૌહાણ ખુશી નિકુંજકુમાર | ૯૯.૮૮ | પ્રથમ |
| ૨ | જાંબુકીયા પૂર્વી મહેશકુમાર | ૯૭.૬૬ | દ્વિતીય |
| ૩ | ડુમાણિયા હર્ષિલ ભાવેશકુમાર | ૯૪.૬૪ | તૃતીય |
| | | **ધોરણ-૪** | |
| ૧ | ખાંદળા દર્શ અશ્વિનભાઈ | ૯૮.૪૩ | પ્રથમ |
| | રંગાડીયા યુગમ સંદીપભાઈ | ૯૬.૦૦ | દ્વિતીય |
| ૩ | સોનગ્રા ઓમ સુન્નીકુમાર | ૯૦.૩૪ | તૃતીય |
| | | **ધોરણ-૫** | |
| ૧ | પટની હર્ષિલ ભાવેશભાઈ | ૯૮.૪૦ | પ્રથમ |
| ૨ | ચૌહાણ નેન્સી મહેન્દ્રકુમાર | ૯૮.૨૯ | દ્વિતીય |
| ૩ | ડુમાણિયા વિશ્વ શંભુભાઈ | ૯૭.૨૩ | તૃતીય |

| | | | |
|---|---|---|---|
| | | **ધોરણ-૬** | |
| ૧ | સથવારા શિવમ કમલેશકુમાર | ૯૭.૮૯ | પ્રથમ |
| ૨ | મકવાણા વૃતિકા કેતનભાઈ | ૯૬.૭૨ | દ્વિતીય |
| ૩ | રાઠોડ નમ્ર પંકજભાઈ | ૯૫.૭૧ | તૃતીય |
| | | **ધોરણ-૭** | |
| ૧ | પરમાર ચંદ્રકાન્ત સુરેશભાઈ | ૯૬.૧૪ | પ્રથમ |
| ૨ | ચૌહાણ માહી દિનેશભાઈ | ૯૫.૦૬ | દ્વિતીય |
| ૩ | સોનગ્રા જેનીલ પ્રવીણભાઈ | ૯૩.૪૩ | તૃતીય |
| | | **ધોરણ-૮** | |
| ૧ | ખાંદળા આરના અશ્વિનભાઈ | ૯૮.૫૬ | પ્રથમ |
| ૨ | નાગડુકીયા યાગનિક દલસુખભાઈ | ૯૫.૧૨ | દ્વિતીય |
| ૩ | પરમાર હર્ષ શિવરામ | ૯૫.૦૦ | તૃતીય |
| | | **ધોરણ-૯** | |
| ૧ | ડાભી અક્ષરા ભરતભાઈ | ૯૬.૭૧ | પ્રથમ |
| ૨ | ખાંદલા પુવેશ ભરતભાઈ | ૯૫.૪૨ | દ્વિતીય |
| ૩ | પરમાર દિયા જયેન્દ્રભાઈ | ૯૨.૬૭ | તૃતીય |
| | | **ધોરણ-૧૦** | |
| ૧ | મકવાણા નિમિત ઉમેશભાઈ | ૯૩.૦૦ | પ્રથમ |
| ૨ | મોરી જીત કાન્તીલાલ | ૯૦.૫૦ | દ્વિતીય |
| ૩ | ખાંદલા જયમીન કમલેશભાઈ | ૯૦.૩૩ | તૃતીય |
| | | **ધોરણ-૧૧- કોમર્સ** | |
| ૧ | ચૌહાણ એકતા વિનોદભાઈ | ૯૦.૨૯ | પ્રથમ |
| | | **ધોરણ-૧૧- સાંયન્સ** | |
| ૧ | રાઠોડ દ્રષ્ટિ પંકજભાઈ | ૯૩.૮૦ | પ્રથમ |
| ૨ | સતવારા પરમ મનીષભાઈ | ૯૧.૦૮ | દ્વિતીય |
| ૩ | મોરી દ્રષ્ટિ પંકજભાઈ | ૮૬.૨૯ | તૃતીય |
| | | **ધોરણ-૧૨-સાયન્સ** | |
| ૧ | ખાંદળા કૃતી જીતેન્દ્રભાઈ | ૮૬.૧૫ | પ્રથમ |
| ૨ | જાંબુકીયા દક્ષિત દિનેશભાઈ | ૮૦.૩૦ | દ્વિતીય |
| ૩ | રાઠોડ વેદાંત હરેશભાઈ | ૭૨.૩૦ | તૃતીય |
| | | **ધોરણ-૧૨-કોમર્સ** | |
| ૧ | ચૌહાણ અપેક્ષા મનોજભાઈ | ૯૦.૮૫ | પ્રથમ |
| ૨ | ખાંદળા હેનિલ વિનોદભાઈ | ૮૮.૪૨ | દ્વિતીય |
| ૩ | જાદવ સ્મિત ગુણવંતભાઈ | ૮૦.૮૦ | તૃતીય |
| | | **બી.કોમ બેચલર ઓફ કોમર્સ સેમ-૬** | |
| ૧ | સથવારા મિત્તલ પરસોતમભાઈ | ૬.૭૯ CGPA | પ્રથમ |
| ૨ | સતવારા નિધિબેન અશોકભાઈ | ૭.૩૫ CGPA | દ્વિતીય |
| | | **બી.એ બેચલર ઓફ આટર્સ સેમ-૬** | |
| ૧ | મકવાણા કેતન નારાયણભાઈ | ૬.૮૦ CGPA | પ્રથમ |

| | | | |
|---|---|---|---|
| | **B.Sc.-IT બી.એ બેચલર ઓફ સાયન્સ સીટી** | | |
| ૧ | ચૌહાણ પાર્થ રણછોડભાઈ | ૩.૭૬ | પ્રથમ |
| | **B.Ed.-બેચલર ઓફ એજ્યુકેશન** | | |
| ૧ | રાઠોડ રશ્મિતાબેન વિનોદભાઈ | ૮.૦૭ CGPA | પ્રથમ |
| | **બી.ઈ મિકેનિકલ એન્જીનિયરીંગ** | | |
| ૧ | સોનગ્રા વંદિત પરાગભાઈ | ૭.૧૦ | પ્રથમ |
| | **બી.ઈ સિવિલ એન્જીનિયરીંગ** | | |
| ૧ | પરમાર નિકુંજ માવજીભાઈ | ૮.૪૫ | પ્રથમ |
| ૨ | સથવારા હિરેનભાઈ રમેશભાઈ | ૭.૫૧ | દ્વિતીય |
| | **બી.ઈ IT ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી એન્જીનિયરીંગ** | | |
| ૧ | ખાંદલા પૂજાબેન ઉમેશભાઈ | ૮.૦૯ | પ્રથમ |
| | **બી.ઈ. કોમ્પ્યુટર એન્જીનીયર** | | |
| ૧ | ચૌહાણ જય હર્ષદભાઈ | ૬.૪૯ | પ્રથમ |
| | **એમ.કોમ. માસ્ટર ઓફ કોમર્સ-સેમ-૪** | | |
| ૧ | પરમાર વિવેક માવજીભાઈ | ૬.૩૭ | પ્રથમ |
| ૨ | ચૌહાણ ખુશીબેન મુકેશભાઈ | ૬.૩૦ | દ્વિતીય |
| | **એમ.એસી. માસ્ટર ઓફ સાંયન્સ** PHYSIS | | |
| ૧ | સતવારા પાયલ ઘનશ્યામભાઈ | ૭.૨૧ CGPA | પ્રથમ |
| | M.Sc **માસ્ટર ઓફ સાંયન્સ ઇન આઈટી** | | |
| ૧ | દલવાડી ઈશીતા વિપુલભાઈ | ૭.૧૧ | પ્રથમ |
| | BBA **માસ્ટર ઇન બિઝનેસ એડમિનીસટેશન** | | |
| ૧ | ડાભી રોહન દિલીપભાઈ | ૬.૦૪ | પ્રથમ |
| | MBA **માસ્ટર ઇન બિઝનેસ એડમિનીસટેશન** | | |
| ૧ | પરમાર મિતાલી ભરતભાઈ | ૮.૨૪ CGPA | પ્રથમ |
| | **બી.સી.એ.બેચલર ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન** | | |
| ૧ | સતવારા યશ નિતિનભાઈ | ૭.૯૫ | પ્રથમ |
| | B Physiotherapy | | |
| ૧ | કડિયા વિધિ ચંદ્રેશભાઈ | ૭૭.૫૦ | પ્રથમ |
| | M Physiotherapy | | |
| ૧ | ખાંદલા કિંજલ કનૈયાલાલ | ૬૬.૧૩ | |
| | M.D.(Ayudvadic) | | |
| ૧ | સતવારા કોમલ જયંતીભાઈ | ૬૮.૨૦ | પ્રથમ |
| | M.BBS | | |
| ૧ | જાંબુકીયા જયદીપ ચંદ્રકાંતભાઈ | ૬૬.૭૦ | પ્રથમ |

# શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ
## સ્નેહ મિલન કાર્યક્રમની વિવિધ સમિતિ-૨૦૨૪

| ક્રમ | કારોબારી સભ્યનું નામ | હોદ્દો | મોબાઈલ |
|---|---|---|---|
| ૧ | ભરતભાઈ ગોવિંદભાઈ પરમાર | પ્રમુખ | ૯૯૭૯૭ ૦૫૧૨૦ |
| ૨ | શ્રી જયેશભાઈ આઈ. રાઠોડ | મંત્રી | ૯૯૭૯૯ ૫૮૨૮૫ |
| | | સ્ટેજ સંચાલન કમિટી | |
| ૧ | શ્રી જયેશભાઈ આઈ. રાઠોડ | કન્વીનર | ૯૯૭૯૯ ૫૮૨૮૫ |
| ૨ | શ્રી ચંદ્રેશભાઈ એમ. કડિયા | સહ કન્વીનર | ૯૪૨૬૦ ૮૭૯૨૧ |
| ૩ | શ્રી પંકજભાઈ કે. પરમાર | સહ કન્વીનર | ૯૯૯૮૪ ૪૯૬૮૮ |
| ૪ | અમૃતભાઈ દેવાભાઈ દલવડી | સહ કન્વીનર | ૯૪૨૭૬ ૦૯૨૩૩ |
| | | સ્ટેજ સુશોભન કમિટી | |
| ૧ | શ્રી અશોકભાઈ હીરાભાઈ સથવારા | કન્વીનર | ૯૮૨૪૭ ૮૧૨૬૫ |
| ૨ | શ્રી શાંતિલાલ તળસીભાઈ પરમાર | સહ કન્વીનર | ૯૯૦૪૫ ૧૦૮૯૨ |
| ૩ | શ્રી કૌશિકભાઈ અંબાલાલ સથવારા | સહ કન્વીનર | ૯૮૭૯૮ ૧૪૪૮૪ |
| ૪ | શ્રી યોગેશભાઈ જાદવભાઈ સથવારા | સહ કન્વીનર | ૯૮૨૪૬ ૦૪૩૦૧ |
| | | રસોડા કમિટી | |
| ૧ | શ્રી માવજીભાઈ મથુરભાઈ ખાંદલા | કન્વીનર | ૯૭૨૪૦ ૫૭૩૦૩ |
| ૨ | શ્રી ગંગારામભાઈ નાનજીભાઈ કણઝરીયા | સહ કન્વીનર | ૯૪૨૮૭ ૩૦૦૧૭ |
| ૩ | શ્રી કૌશિકભાઈ અંબાલાલ સથવારા | સહ કન્વીનર | ૯૮૭૯૮ ૧૪૪૮૪ |
| ૪ | શ્રી અરજણભાઈ ડી. ડાભી | સહ કન્વીનર | ૯૮૨૫૬ ૪૪૧૭૫ |
| ૫ | શ્રી રમેશભાઈ કે. લકુમ | સહ કન્વીનર | ૮૫૧૧૬ ૪૩૮૨૨ |
| ૬ | શ્રી દેવજીભાઈ શીવાભાઈ પરમાર | સહ કન્વીનર | ૯૯૨૫૮ ૩૫૦૫૧ |
| ૭ | શ્રી નટુભાઈ ગોવિંદભાઈ રાઠોડ | સહ કન્વીનર | ૯૯૭૮૪ ૪૩૩૫૫ |
| ૮ | શ્રી પ્રવિણભાઈ આર. ચૌહાણ | સહ કન્વીનર | ૯૪૨૬૩ ૩૯૦૫૫ |
| ૯ | શ્રી અતુલભાઈ ડાભી | સહ કન્વીનર | |
| | | સાઉન્ડ સિસ્ટમ વ્યવસ્થા કમિટી | |
| ૧ | શ્રી હરેશભાઈ નાગજીભાઈ કણઝરીયા | કન્વીનર | ૭૦૧૬૨ ૧૭૨૫૫ |
| ૨ | શ્રી પંકજભાઈ કે. પરમાર | સહ કન્વીનર | ૯૯૯૮૪ ૪૯૬૮૮ |
| | | ઈનામ વ્યવસ્થા - ઈનામ વિતરણ કમિટી | |
| ૧ | શ્રી પરાગભાઈ એ. સોનગ્રા | કન્વીનર | ૯૮૨૫૫ ૨૮૨૬૯ |
| ૨ | શ્રી જયેશભાઈ રમણલાલ કણઝરીયા | સહ કન્વીનર | ૯૮૭૯૩ ૧૭૧૦૭ |
| ૩ | શ્રી પરાગભાઈ મહેન્દ્રભાઈ ડાભી | સહ કન્વીનર | ૯૯૨૫૨ ૮૫૦૪૨ |
| ૪ | શ્રી અંબાલાલ એલ. સથવારા | સહ કન્વીનર | ૯૯૯૮૦ ૫૯૮૬૦ |
| ૫ | શ્રી આશિષભાઈ બી. રાઠોડ | સહ કન્વીનર | ૯૮૨૫૮ ૬૨૧૯૬ |

| | | | |
|---|---|---|---|
| | | કાર્યાલય કમિટી | |
| ૧ | શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પરમાર | કન્વીનર | ૯૯૯૮૪ ૬૦૮૪૨ |
| ૨ | શ્રી નરોત્તમભાઈ હરિભાઈ સથવારા | સહ કન્વીનર | ૯૯૨૪૩ ૮૯૮૫૮ |
| ૩ | શ્રી દિનેશભાઈ અમૃતલાલ જાદવ | સહ કન્વીનર | ૯૮૨૫૯ ૨૬૨૧૨ |
| ૪ | શ્રી રમેશભાઈ તળસીભાઈ ચૌહાણ | સહ કન્વીનર | ૭૩૮૩૩ ૫૦૬૪૩ |
| ૫ | શ્રી આશિષભાઈ બી, રાઠોડ | સહ કન્વીનર | ૯૮૨૫૯ ૬૨૧૯૬ |
| ૬ | શ્રી પ્રતિકભાઈ જયસુખભાઈ નકુમ | સહ કન્વીનર | ૯૪૨૬૪ ૦૨૨૪૨ |
| | | સિક્યોરીટી કમિટી | |
| ૧ | શ્રી શાંતિલાલ તળસીભાઈ પરમાર | કન્વીનર | ૯૯૦૪૫ ૧૦૮૯૨ |
| | | મીડિયા સેલ | |
| ૨ | શ્રી જયંતિભાઈ નરોત્તમભાઈ સથવારા | કન્વીનર | ૯૮૨૪૩ ૨૨૫૧૯ |
| ૩ | શ્રી રમણભાઈ સી. મકવાણા | સહ કન્વીનર | ૯૮૨૪૭ ૮૮૨૦૧ |

# શ્રી સતવારા જ્ઞાતિ મંડળ-અમદાવાદ
# કારોબારી સભ્યોની યાદી

| ક્રમ | કારોબારી સભ્યનું નામ | હોદ્દો | વિસ્તાર | મોબાઈલ |
|---|---|---|---|---|
| ૧ | ભરતભાઈ ગોવિંદભાઈ પરમાર | પ્રમુખ | ચાણક્યપુરી | ૯૯૭૯૭ ૦૫૧૨૦ |
| ૨ | વિનોદભાઈ સી. મકવાણા | ઉપ પ્રમુખ | આંબાવડી | ૯૪૨૬૦ ૫૭૦૬૯ |
| ૩ | શ્રી પ્રવિણભાઈ આર. ચૌહાણ | ઉપ પ્રમુખ | નિકોલ | ૯૪૨૬૩ ૩૯૦૫૫ |
| ૪ | શ્રી જયેશભાઈ આઈ. રાઠોડ | મંત્રી | ન્યુ રાણીપ | ૯૯૭૯૯ ૫૮૨૮૫ |
| ૫ | શ્રી આશિષભાઈ બી. રાઠોડ | સહમંત્રી | અમરાઈવાડી | ૯૮૨૫૮ ૬૨૧૯૬ |
| ૬ | શ્રી અરજણભાઈ ડી. ડાભી | સહમંત્રી | ડાયમંડ મીલ | ૯૮૨૫૬ ૪૪૧૭૫ |
| ૭ | શ્રી સવજીભાઈ બી. પરમાર | સહમંત્રી | ચાંદલોડિયા | ૯૯૨૫૧ ૩૧૬૧૦ |
| ૮ | શ્રી ચિરાગભાઈ જી. પરમાર | સહમંત્રી | ચાંદખેડા | ૯૯૨૪૨ ૪૬૪૦૮ |
| ૯ | શ્રી પરાગભાઈ એ. સોનગ્રા | ખજાનચી | વસ્ત્રાલ | ૯૮૨૫૫ ૨૮૨૬૯ |
| ૧૦ | શ્રી જયેશભાઈ રમણલાલ કણઝરીયા | સહ ખજાનચી | દરિયાપુર | ૯૮૭૯૩ ૧૭૧૦૭ |
| ૧૧ | શ્રી અંબાલાલ એલ. સથવારા | ઈન્ટરનલ ઓડીયર | વસ્ત્રાલ | ૯૯૯૮૦ ૫૯૮૬૦ |
| ૧૨ | શ્રી ઈશ્વરભાઈ એમ. પરમાર | કારોબારી સભ્ય | ઘાટલોડિયા | ૯૮૨૫૪ ૩૩૦૬૭ |
| ૧૩ | શ્રી નરસીભાઈ કે. રાઠોડ | કારોબારી સભ્ય | બાપુનગર | ૯૭૨૪૭ ૮૯૫૮૮ |
| ૧૪ | શ્રી જસમતભાઈ વી. ચાવડા | કારોબારી સભ્ય | નિકોલ | ૯૮૨૪૧ ૨૪૩૯૧ |
| ૧૫ | શ્રી હિતેશભાઈ એમ. કડિયા | કારોબારી સભ્ય | વાડજ | ૯૯૨૫૦ ૦૧૬૪૦ |
| ૧૬ | શ્રી નાનુભાઈ અરજણભાઈ રાઠોડ | કારોબારી સભ્ય | એલીસબ્રીજ | ૯૮૨૪૦ ૬૫૨૭૭ |
| ૧૭ | શ્રી પંકજભાઈ કે. પરમાર | કારોબારી સભ્ય | નરોડા | ૯૯૯૮૪ ૪૯૬૮૮ |
| ૧૮ | શ્રી અમૃતભાઈ દેવાભાઈ દલવાડી | કારોબારી સભ્ય | સેટલાઈટ | ૯૪૨૭૬ ૦૯૨૩૩ |
| ૧૯ | શ્રી રમણભાઈ સી. મકવાણા | કારોબારી સભ્ય | શાહીબાગ | ૯૮૨૪૭ ૮૮૨૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | શ્રી પ્રહલાદભાઈ ટી. કણઝરીયા | કારોબારી સભ્ય | રાણીપ | ૯૮૯૮૫ ૧૦૦૧૩ |
| ૨૧ | શ્રી માવજીભાઈ મથુરભાઈ ખાંડલા | કારોબારી સભ્ય | ડાયમંડ પાર્ક | ૯૭૨૪૦ ૫૭૩૦૩ |
| ૨૨ | શ્રી નરેશભાઈ પોપટભાઈ ડાભી | કારોબારી સભ્ય | ઘોડાસર | ૯૯૨૫૧ ૪૬૨૬૨ |
| ૨૩ | શ્રી અલ્પેશભાઈ જયંતિભાઈ ચાવડા | કારોબારી સભ્ય | નિકોલ | ૯૭૨૫૦ ૦૫૭૫૫ |
| ૨૪ | શ્રી હરેશભાઈ નાગજીભાઈ કણઝરીયા | કારોબારી સભ્ય | નવા નરોડા | ૭૦૧૬૨ ૧૭૨૫૫ |
| ૨૫ | શ્રી ગંગારામભાઈ નાનજીભાઈ કણઝરીયા | કારોબારી સભ્ય | નિકોલ | ૯૪૨૮૭ ૩૦૦૧૭ |
| ક્રમ | કારોબારી સભ્યનું નામ | હોદ્દો | વિસ્તાર | મોબાઈલ |
| ૨૬ | શ્રી જયંતિભાઈ નરોત્તમભાઈ સથવારા | કારોબારી સભ્ય | ખોડીયારનગર | ૯૮૨૪૩ ૨૨૫૧૯ |
| ૨૭ | શ્રી નરોત્તમભાઈ હરિભાઈ સથવારા | કારોબારી સભ્ય | નિર્ણયનગર | ૯૯૨૪૩ ૮૯૮૫૮ |
| ૨૮ | શ્રી સૂર્યકાંતભાઈ છગનભાઈ કડિયા | કારોબારી સભ્ય | વાડજ | ૯૯૨૪૨ ૪૪૫૫૬ |
| ૨૯ | શ્રી વિજયકુમાર કાંતિલાલ સથવારા | કારોબારી સભ્ય | વાડજ | ૯૪૨૬૫ ૫૧૯૨૦ |
| ૩૦ | શ્રી ચંદ્રેશભાઈ એમ. કડિયા | કારોબારી સભ્ય | મણિનગર | ૯૪૨૬૦ ૮૭૯૨૧ |
| ૩૧ | શ્રી નવનીતભાઈ એમ. કણઝરીયા | કારોબારી સભ્ય | ચાંદલોડિયા | ૯૯૯૮૦ ૫૮૯૭૮ |
| ૩૨ | શ્રી અમૃતભાઈ જેરામભાઈ દલવાડી | કારોબારી સભ્ય | ઘાટલોડિયા | ૯૧૭૩૦ ૫૧૧૩૦ |
| ૩૩ | શ્રી રમેશભાઈ તળસીભાઈ ચૌહાણ | કારોબારી સભ્ય | વટવા | ૭૩૮૩૩ ૫૦૬૪૩ |
| ૩૪ | શ્રી દેવજીભાઈ શીવાભાઈ પરમાર | કારોબારી સભ્ય | ઠક્કરબાપાનગર | ૯૯૨૫૮ ૩૫૦૫૧ |
| ૩૫ | શ્રી સુરેશભાઈ રણછોડભાઈ પરમાર | કારોબારી સભ્ય | ઓઢવ | ૯૯૯૮૪ ૬૦૮૪૨ |
| ૩૬ | શ્રી પરાગભાઈ મહેન્દ્રભાઈ ડાભી | કારોબારી સભ્ય | રબારી કોલોની | ૯૯૨૫૨ ૮૫૦૪૨ |
| ૩૭ | શ્રી યોગેશભાઈ જાદવભાઈ સથવારા | કારોબારી સભ્ય | ઓઢવ | ૯૮૨૪૬ ૦૪૩૦૧ |
| ૩૮ | શ્રી કરસનભાઈ દાનાભાઈ ચૌહાણ | કારોબારી સભ્ય | નિકોલ | ૯૯૨૪૧ ૫૨૪૯૧ |
| ૩૯ | શ્રી દિનેશભાઈ અમૃતલાલ જાદવ | કારોબારી સભ્ય | નવા નરોડા | ૯૮૨૫૯ ૨૬૨૧૨ |
| ૪૦ | શ્રી શંકરભાઈ ભગવાનભાઈ જાદવ | કારોબારી સભ્ય | બાપુનગર | ૯૯૨૪૬ ૨૪૧૭૫ |
| ૪૧ | શ્રી રમેશભાઈ ખોડાભાઈ લકુમ | કારોબારી સભ્ય | બાપુનગર | ૮૫૧૧૬ ૪૩૮૨૨ |
| ૪૨ | શ્રી કૌશિકભાઈ અંબાલાલ સથવારા | કારોબારી સભ્ય | વિરાટનગર | ૯૮૭૯૮ ૧૪૪૮૪ |
| ૪૩ | શ્રી આનંદભાઈ અમૃતલાલ રાઠોડ | કારોબારી સભ્ય | ઓઢવ | ૯૮૨૪૪ ૮૮૧૦૧ |
| ૪૪ | શ્રી અશોકભાઈ હીરાભાઈ સથવારા | કારોબારી સભ્ય | ઓઢવ | ૯૮૨૪૭ ૮૧૨૬૫ |
| ૪૫ | શ્રી શાંતિલાલ તળસીભાઈ પરમાર | કારોબારી સભ્ય | વિરાટનગર | ૯૯૦૪૫ ૧૦૮૯૨ |
| ૪૬ | શ્રી વિપુલભાઈ કરસનભાઈ ચાવડા | કારોબારી સભ્ય | નિકોલ | ૯૯૨૪૬ ૪૪૭૦૯ |
| ૪૭ | શ્રી નટુભાઈ ગોવિંદભાઈ રાઠોડ | કારોબારી સભ્ય | વસ્ત્રાલ | ૯૯૭૮૪ ૪૩૩૫૫ |
| ૪૮ | શ્રી કેશુભાઈ મુળજીભાઈ સોનગરા | કારોબારી સભ્ય | વિરાટનગર | ૯૯૦૯૪ ૨૧૯૧૮ |
| ૪૯ | શ્રી પ્રતિકભાઈ જયસુખભાઈ નકુમ | કારોબારી સભ્ય | સેટલાઈટ | ૯૪૨૬૪ ૦૨૨૪૨ |
| ૫૦ | શ્રી જયેશભાઈ પ્રભુભાઈ પરમાર | કારોબારી સભ્ય | ચાંદલોડિયા | ૯૯૯૮૫ ૪૪૯૭૫ |
| ૫૧ | શ્રી ભરતભાઈ હીરાભાઈ નકુમ | કારોબારી સભ્ય | ઘાટલોડિયા | ૯૮૨૫૩ ૩૮૫૦૨ |
| ૫૨ | શ્રી કાળુભાઈ રંઘાડીયા | કારોબારી સભ્ય | બાપુનગર | ૯૯૨૫૩ ૬૨૭૬૩ |
| ૫૩ | શ્રી રાજેશભાઈ દ. સથવારા | કારોબારી સભ્ય | વેજલપુર | ૯૪૨૭૫ ૫૩૮૫૯ |
| ૫૪ | શ્રી વસંતભાઈ એમ. મકવાણા | કારોબારી સભ્ય | વેજલપુર | ૯૩૭૭૭ ૪૦૭૭૯ |

**સંકલન : રમણલાલ સી. મકવાણા**

**- તંત્રી શ્રી સતવારા દર્પણ તથા પૂર્વ મંત્રી શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ**















MODWARE
Monaco Trio




















જય સિધ્ધનાથ
જય સતવારા
જય સિધ્ધનાથ
શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ


જય સિધ્ધનાથ
જય સતવારા
જય સિધ્ધનાથ
શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ
સ્નેહ મિલન અને ઈનામ વિતરણ


જય સિધ્ધનાથ
જય સતવારા


જય સિધ્ધનાથ
જય સતવારા
જય સિધ્ધનાથ



# સ્વ. પ્રેમજીભાઈને અશ્રુભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. પ્રેમજીભાઈ પોલાભાઈ ચૌહાણ**

**જન્મ : તા. ૦૧-૦૬-૧૯૪૬ સ્વર્ગવાસ : તા. ૨૪-૧૨-૨૦૨૪ અમદાવાદ**

**ગામ નાવડા - તા. બરવાળા જી. બોટાદ**

''જીવન સદા એવુ જીવ્યા કે જોનારા જોયા કરો, કર્મ સારા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખથી ડર્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં ધર્મ કદી ભુલ્યા નથી સુખ દુઃખમાં સદા હસતા રહ્યા મન નથી માનતું કે તમે અમારી વચ્ચે નથી. પ્રભુ આપના આત્માને ચિંર શાંતિ અર્પે એ જ પરમ કૃપાળુ પ્રભુ પાસે પાર્થના.''

શિક્ષણ : પ્રાથમિક તથા માધ્યમિક નાવડા બરવાળામાં એન્જીનીયરીંગ - એલડી એન્જીનીયરીંગ કોલેજ અમદાવાદ બી.એ. મિકેનીકલ કર્યુ.

